## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના હો... મારા પિતાશ્રીને અપમાન જનક બતાવે તે ફિલ્મને હું આર્શિવાદ નહી આપુ...!!

# ક-૭થી રાંધેજા ચોકડીનો તરફનો માર્ગ બંધ કરાતા વાહનચાલકો હેરાન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના ક-૭ થી રાંધેજા ચોકડી તરફનો માર્ગ સાંજના સમયે વાહન વ્યવહાર માટે બંધ કરી દેવાયો હતો.

અચાનક માણસા-મહેસાણા તરફના વાહન વ્યવહાર બંધ કરી દેવાતા ક-૭ ચોકડી પર વાહનનો ખડકલો સર્જાયો હતો. હોટલ ઘુંઘટ પાસે આવેલા રેલ્વે પાટા -ફાટકની મરામતનું કામ ચાલતુ હોવાથી માર્ગ બંધ કરી દેવાયો હતો. ક-૭ થી રાંધેજા નો માર્ગ બંધ કરવામાં આવતા વાહનચાલકોને પેથાપુર થી રાંધેજા ચોકડી ગયા હતા.જયારે માર્ગ બંધ થવાને પગલે વાહનચાલકોને તેમજ જીઆઈડીસીમાં ફરજ બજાવતા કર્મચારીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા.

ગાંધીનગરમાં શહેરમાં વિવિધ વૃક્ષોની ટ્રીમીંગ કે ગટર-પાણીની પાઈપ લાઈનના ખોદકામને પગલે રસ્તો બંધ કરી દેવામાં આવે છે. જેથી નાગરીકો હેરાન પરેશાન થઈ જાય છે.



તાજેતરમાં મેટ્રોની ચાલી રહેલી કામગીરીને પગલે ચ-૦ થી જ માર્ગ અચાનક બંધ કરવામાં આવતા વાહનચાલકોને પારવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ગાંધીનગરથી રાંધેજા ચોકડી થઈ માણસા-મહેસાણા તરફનો વાહન વ્યવહાર દિવસ દરમિયાન ધમધમે છે. રોજના હજ્જારો વાહન ચાલકો માર્ગ પર થી પસાર થાય છે.

ગાંધીનગર સેકટર-૨૬ અને સેકટર-૨૮ જીઆઈડીસમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી ભાઈબહેનો નોકરી અર્થે ગાંધીનગર આવે છે.

ત્યારે સાંજના સમયે સરકારી તેમ ખાનગી નોકરી છુટવાના સમયે અચાનક તંત્ર દ્વારા ક-૭ થી રાંધેજા તરફનો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો હતો. જેથી ક-૭ પાસે વાહનનો ખડકલો સર્જાતા ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. જયારે હોટલ ઘુંઘટ પાસે રેલ્વેના ફાટક પાસે પાટાની મરામતનું કામ ચાલી રહ્યું હોવાથી માર્ગ બંધ કરાયો હતો. જેથી માણસા કે મહેસાણા તરફના વાહન ચાલકોને પેથાપુર થઈને રાંધેજા ચોકડી તરફનું અંતર કાપવુ પડ્યું હતું. સાંજે નોકરીથી છુટતા જીઆઈડીસીના કર્મચારી તેમજ સરકારી કર્મચારી સહિત અન્ય નાગરીકોને પણ ભારે મુશ્કેલીનો સામનો વેઠવાનો વારો આવ્યો હતો.



ગાંધીનગરના સાંસદ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ અને તેમના પત્ની શ્રીમતી સોનલ શાહે હર ઘર તિરંગા અભિયાન હેઠળ નવી દિલ્હી ખાતે નિવાસસ્થાને ધ્વજ લહેરાવ્યો હતો.

## સમપર્ણ પબ્લીક સ્કુલ ખાતે ટ્રાફિક જાગૃતતા કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે આવેલી સમર્પણ પબ્લીક સ્કુલ ખાતે ટ્રાફિક પોલીસ દ્વારા આજરોજ ટ્રાફિક જાગૃતતા અભિયાન અન્વયે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ટ્રાફિક સમસ્યા નિવારવા સાથે નિયમો અંગેની સુચના નિતિ નિયમો તેમજ માર્ગદર્શન ટ્રાફિક પોલીસ દ્વારા આપવામાં આવ્યા હતા.

## મનપા દ્વારા મચ્છરજન્ય રોગચાળાને અટકાવવા શાળાઓમાં ઝુંબેશ



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાની આરોગ્ય શાખા દ્વારા શહેરમાંથી મચ્છરજન્ય રોગચાળાને અટકાવવા માટે ખાસ એકશન પ્લાન તૈયાર કરાયો છે.તેમ છતા શહેરની મનપા વિસ્તારમાં આવેલી શાળાઓમાં બાળકો રોગચાળા અંગે જાગૃત બને તે માટે આરોગ્ય ટીમના કર્મચારી ભાઈ બહેનો દ્વારા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મચ્છર થી ફેલાતા રોગો તેના લક્ષણો અને તેનાથી બચવાના ઉપાયો વિશે સવિસ્તાર માહિતી પુરી પાડી હતી.

જયારે મનપા વિસ્તારની ૧૦૦ થી વધુ શાળાઓમાં મચ્છર ઉત્પતિ સ્થાનોની શોધખોળ કરી હતી અને તેને નાશ કરવા અંગે સમજુતી આપવામાં આવી હતી. આ ઉપરાંત શાળાઓમાં ટાંકીના પાણીના ઢાંકણા હવા યુકત રાખવા, તેની નિયમિત સાફ સફાઈ કરવી તેમજ ધાબા ઉપર પાણીનો ભરાવો ન થાય તેની તકેદારી રાખવા માટે સમજણ આપી હતી.

## ગાંધીનગર મહાધર્મપ્રાંતના યુવા આયોગ દ્વારા યુવાનો માટે રાષ્ટ્રીય યુવા દિનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાધર્મપ્રાંતના યુવા આયોગ દ્વારા તા. ૫ ઓગષ્ટ-૨૦૨૩ના રોજ યુવાનો માટે રાષ્ટ્રીય યુવા દિનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં યુવાનોને માતા-પિતાની આજ્ઞામાં રહેવા અને તેમને અનુસરવા અંગે આવેલ મહેમાનો દ્વારા સમજણ આપવામાં આવી હતી.

સાથોસાથ યુવાન-યુવતીઓને રમતો રમાડી ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ગાંધીનગર મહાધર્મપ્રાંતિના મહાધર્માધ્યક્ષ પરમ પૂજ્ય થોમસ મેકવાન, યુથ નિયામક ફાધર ઝેવિયર જેમ્સ, અલગ અલગ તાબાઓમાંથી આવેલા ફાધરો-સિસ્ટરો અને યુવક-યુવતીઓ મળી કુલ ૧૪૦ સહભાગી થયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગાંધીનગર ધર્મપ્રાંતનાં સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સિવિલમાં એમઆરઆઈ મશીનનો દર્દીઓને વિનામૂલ્યે લાભ



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એમઆરઆઈ મશીનની સેવાનો શુભારંભ થઈ ગયો છે. સિવિલમાં આરોગ્યલક્ષી સેવામાં વધુ એક ઉમેરો થયો છે. માથા થી લઈ પગ સુધી કોઈપણ રોગનું નિદાન થઈ શકશે. ત્યારે આજે એમઆરઆઈ મશીનનો બે દર્દીઓને લાભ મળ્યો હતો. હજ્જારો રૂપીયાની જગ્યાએ નજીવી કિંમતે એમઆરઆઈ થતા દર્દીઓને રાહત અનુભવી હતી.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સ્થિત ૬૦૦બેડની હોસ્પિટલના ભોંયતળીયે એમઆરઆઈ મશીનની સેવા કાર્યરત કરવામાં આવી છે.

તંત્ર દ્વારા સાદા એમઆરઆઈ માત્ર રૂ.૨૨૦૦ માં થઈ શકશે અને કોન્ટ્રાસ્ટ એમઆરઆઈની કિં.૩૩૦૦ રાખવામાં આવી છે. જેમાં કેન્સર, મણકા, ડોક, સ્નાયુ, સહિતના એમઆરઆઈ કરવામાં આવશે. ગાંધીનગર સિવિલમા આવતા દર્દીઓને એમઆરઆઈમાં તકલીફ ન પડે તે માટે ખાસ સ્ટાફ ઉભો કરવામાં આવ્યો છે. સવારે ૯ થી ૫ સુધી એમઆરઆઈ કરવામાં આવશે. જયારે બીપીએલ, પીએમજેએવાય, તેમજ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત આવતા દર્દીઓને એમઆરઆઈ વિના મુલ્યે કરવામાં આવશે. ત્યારે આજે સિવિલમાં બે દર્દીઓએ એમઆરઆઈ મશીનનો લાભ મળ્યો હતો. જયારે ગરીબ દર્દીઓ ના છુટકે અન્ય ખાનગીમાં એમઆરઆઈના રૂ.૫ હજારથી રૂ.૨૦ હજાર ચુકવતા હતા. ત્યારે ગાંધીનગર સિવિલમાં આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થતા દર્દીઓને પણ રાહત મળી છે.

## આદીવાડામાંથી દારૂ - બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના આદીવાડા ગામના દંતાણી વાસ ખાતે મહિલા બુટલેગરના રહેણાંક મકાનની બાજુમાં ખુલ્લા પ્લોટમાંથી વિવિધ બ્રાન્ડના કવાર્ટર નંગ-૫૩ તેમજ બિયરના ટીન નંગ-૫૪ મળી કુલ રૂ.૨૭,૭૮૦ નો મુદામાલ કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે આદીવાડા દંતાણી વાસ ખાતે રહેતા સવિતાબેન દંતાણી દારૂનો વેપાર કરે છે અને અગાઉ તે દારૂના વેપારમાં પકડાયેલા છે.

જેથી મહિલા પોલીસ સાથે જવાનોએ રેઈડ પાડી હતી. પોલીસે સવિતાબેનને સાથે રાખી ઘરમાં અને આસપાસના વિસ્તારમાં તપાસ કરતા મકાનની બાજુમાંથી બે મિણિયાના મોટા થેલા મળી આવ્યા હતા. જેમાં બિયરના ટીન નંગ-૫૪ અને કવાર્ટરીયા નંગ-૫૩ મળી આવ્યા હતા. પોલીસે દારૂ-બિયરનો જથ્થો મળી કુલ રૂ.૨૭,૭૮૦ નો મુદામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



પુન્દ્રાસણ ખાતે એક દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ચાર ટીમો રમાડવામાં આવી હતી તેમાં બાદશાહ ઈલેવન વિજયી થઈ હતી

## શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં રોજગાર પર વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૪

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગરમાં તા. ૧૪-૮-૨૦૨૩ના રોજ ઉદિશા પ્લેસમેન્ટ સેલ દ્વારા રોજગાર અંતર્ગત ડેટા એનાલિટીક્સ પર પ્રોજેક્ટ દ્વારા વ્યાખ્યાન યોજવામાં આવ્યું. જેમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી દ્વારા વક્તા તરીકે આવેલ મહેમાન આકાશસિંગ, મેનેજર તેમજ શ્રીમતી અંશિતા મૂલચંદાણી એડમીશન મેનેજર, (ઈન્ડસ્ટ્રીઝ અદાણી ઈંસ્ટિટ્યૂટ ઓફ ડિજિટલ ટેકનોલોજી મેનેજમેન્ટ, અડાલજ) ઉપસ્થિત રહી વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેઓનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છ અને બુકેથી સન્માન કરવામાં આવ્યું હતું.




આ કાર્યક્રમમાં સ્નાતકકક્ષાની ઘણી બધી વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર પ્રતિમાબેન છનિયારાએ કર્યુ હતુ. આભારવિધિ પ્રોફેસર મુન્નાબેન ચૌધરીએ કરી હતી. ઉદિશાના સભ્ય તરીકે પ્રકાશભાઈ ચૌધરી હાજર રહ્યા હતા.




માણસા ખાતે યશ મલ્ટીસ્પેશયાલીટી હોસ્પિટલ ના ડૉ. રાકેશભાઈ કે ગોસ્વામી ના હસ્તે અપંગ માનવ સેવા સંઘ અમદાવાદ ના બન્ને પગ કપાયેલા દિવ્યાંગ બહેનોને વ્હીલચેર અર્પણ કરવાનો કાર્યક્રમ રાખેલ હતો.આવુ ઉમદા કાર્ય કરી ને સમાજને દાખલો બેસાડેલ આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ અને સભ્યો હાજર રહેલ.

## ડૉ. વિક્રમ સારાભાઈના જન્મદિવસની ઉજવણી




ગાંધીનગર, તા. ૧૪

નિસર્ગ સાયન્સ સેન્ટર, સે. ૨૩ દ્વારા ભારતીય વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના જન્મ દિવસ તા. ૧૨ ઓગષ્ટના રોજ ઉજવણી નિમિત્તે 'બાળ વૈજ્ઞાનિક-સાંસદ' સ્પર્ધામાં શાળાના વિજ્ઞાન શિક્ષક હિતેન્દ્ર પટેલના માર્ગદર્શન નીચે ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ-૯ના ચાવડા દિવ્યરાજસિંહ (રોબર્ટ હૂક) અને ઠાકર કશ્યપે થોમસ આલ્વા એડીશન બની રજૂઆત કરી, આચાર્ય વી.એમ. પટેલ તથા શાળા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.



ચિલોડા સર્કલ પાસે પરપ્રાંતીય મહિલા દ્વારા ૭૭મા સ્વાતંત્ર્ય દિનની પૂર્વ દિવસે રાષ્ટ્ર ધ્વજ હાથમાંફરકાવી લઈને વેચાણ કરવા માટે નાના મોટા તિરંગા વેચીને આજીવીકા તરીકે માધ્યમ બનાવી તન મન થી રાષ્ટ્ર ભાવના ને ઉજાગર કરતી માલૂમ અને દ્રષ્ટિ ગોચર થાય છે

**જાહેર પ્રસિદ્ધિ**

**મહે. લાઠીના પ્રીન્સીપાલ સિવીલ જજ સાહેબની કાર્ટોમાં, મુ. લાઠી**

રે.દિ.મુ.નં. ૬૫/૨૦૨૨
મુદત તા. ૨૫/૯/૨૦૨૩

વાદી : મેનેજરશ્રી, બેંક ઓફ બરોડા, ચાવંડ શાખા, રહે. ચાવંડ, જિ. અમરેલી

વિરૂદ્ધ

પ્રતિવાદી : ભાવનાબેન કાનજીભાઈ, રહે. ગાંધીનગર, રહે. મૂળ ચાવંડ, હાલ : પ્લોટ નં. ૯૪૭/૧, સેકટર-૫/સી, ગાંધીનગર

આથી તમો ઉપર જણાવેલ પ્રતિવાદી જોગ આ જાહેર સમન્સથી જણાવવામાં આવે છે કે,

આ કામના વાદીએ તમામ પ્રતિવાદી વિરૂદ્ધ બેંક લોનની લ્હેણી રકમ રૂ. ૧૧,૨૧,૦૦૦/- વસુલ મેળવવા માટે દાવા અરજ કરેલ છે. આ દાવા અરજના કામે નામ. કોર્ટ દ્વારા તમોને સમન્સ નોટીસની બજવણીના તમામ પ્રયત્નો છતાં તમો મળી આવેલ ન હોવાથી વાદીની અરજી ઉપરથી આ જાહેર સમન્સથી સુચિત કરવામાં તથા ફરમાવવામાં આવે છે કે, તા. ૨૫/૯/૨૦૨૩ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે સદરહુ દાવાના જવાબ આપવા આ કોર્ટમાં તમો જાતે અથવા કોર્ટના જે પ્લીડરને તમારી હકીકત સમજાવી અને ફરીયાદના સઘળા જવાબ આપી શકે તેવા કોઈ ઈસમને તે પ્લીડરની સાથે રાખીને તમો જે પુરાવા ઉપર આધાર રાખતા હોય, તે તમામ પુરાવા સાથે હાજર રહેવું.

અને આ ઉપરથી સમન્સ આપવામાં આવે છે કે, ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહીં થાવ તો તમારી ગેરહાજરીમાં ફરીયાદ સાંભળી નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરી નિકાલ કરવામાં આવશે. વળી, એમ પણ નોટીસ આપવામાં આવે છે કે, નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલા બજવણી માટે પતા લખવાની તમો કસુર કરો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહીં.

આજરોજ તા. ૧૧/૮/૨૦૨૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

(તૈયાર કરનાર) સહી/- આસીસ્ટન્ટ (ડી.વી. પંડ્યા)
(મુકાબલ કરનાર) સહી/- સુપ્રીન્ટેન્ડન્ટ (એમ.એચ.પંડ્યા)
સિક્કો
હુકમથી સહી/- રજીસ્ટ્રાર, લાઠી કોર્ટ (કે. એમ. સોલંકી)

**જાહેર પ્રસિદ્ધિ**

**મહે. લાઠીના પ્રીન્સીપાલ સિવીલ જજ સાહેબની કાર્ટોમાં, મુ. લાઠી**

રે.દિ.મુ.નં. ૬૪/૨૦૨૨
મુદત તા. ૨૫/૯/૨૦૨૩

વાદી : મેનેજરશ્રી, બેંક ઓફ બરોડા, ચાવંડ શાખા, રહે. ચાવંડ, જિ. અમરેલી

વિરૂદ્ધ

પ્રતિવાદી : ભાવનાબેન કાનજીભાઈ, રહે. ગાંધીનગર, રહે. મૂળ ચાવંડ, હાલ : પ્લોટ નં. ૯૪૭/૧, સેકટર-૫/સી, ગાંધીનગર

આથી તમો ઉપર જણાવેલ પ્રતિવાદી જોગ આ જાહેર સમન્સથી જણાવવામાં આવે છે કે,

આ કામના વાદીએ તમામ પ્રતિવાદી વિરૂદ્ધ બેંક લોનની લ્હેણી રકમ રૂ. ૨,૭૭,૦૦૦/- વસુલ મેળવવા માટે દાવા અરજ કરેલ છે. આ દાવા અરજના કામે નામ. કોર્ટ દ્વારા તમોને સમન્સ નોટીસની બજવણીના તમામ પ્રયત્નો છતાં તમો મળી આવેલ ન હોવાથી વાદીની અરજી ઉપરથી આ જાહેર સમન્સથી સુચિત કરવામાં તથા ફરમાવવામાં આવે છે કે, તા. ૨૫/૯/૨૦૨૩ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે સદરહુ દાવાના જવાબ આપવા આ કોર્ટમાં તમો જાતે અથવા કોર્ટના જે પ્લીડરને તમારી હકીકત સમજાવી અને ફરીયાદના સઘળા જવાબ આપી શકે તેવા કોઈ ઈસમને તે પ્લીડરની સાથે રાખીને તમો જે પુરાવા ઉપર આધાર રાખતા હોય, તે તમામ પુરાવા સાથે હાજર રહેવું.

અને આ ઉપરથી સમન્સ આપવામાં આવે છે કે, ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહીં થાવ તો તમારી ગેરહાજરીમાં ફરીયાદ સાંભળી નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરી નિકાલ કરવામાં આવશે. વળી, એમ પણ નોટીસ આપવામાં આવે છે કે, નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલા બજવણી માટે પતા લખવાની તમો કસુર કરો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહીં.

આજરોજ તા. ૧૧/૮/૨૦૨૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

(તૈયાર કરનાર) સહી/- આસીસ્ટન્ટ (ડી.વી. પંડ્યા)
(મુકાબલ કરનાર) સહી/- સુપ્રીન્ટેન્ડન્ટ (એમ.એચ.પંડ્યા)
સિક્કો
હુકમથી સહી/- રજીસ્ટ્રાર, લાઠી કોર્ટ (કે. એમ. સોલંકી)

क्र. ४८३६/२०२३
कामगार न्यायालय यांचे कार्यालय
नवीन प्रशासकीय इमारत, तळ मजला
शासकीय वसाहत, बांद्रे (पूर्व),
मुंबई - ४०० ०५१
दिनांक ०२.०८.२०२३
११ वे कामगार न्यायालय मुंबई
श्रीमती पी.व्ही.मेढे, न्यायाधीश यांचे समोर,
अर्ज (नुकसान भरपाई अर्ज) क्र.१५२/सी-३१/२०२२

श्री.विकम @विक्रम निसाद लालमन निसाद, अगरबाजार, फिश मार्केट, एस.के.भोले रोड, सिध्दीविनायक मंदिर, गाळा नं.१७, दादर, मुंबई - ४०००२८.. अर्जदार

विरुध्द

श्री. लक्ष्मणभाई महारु पवार, शिवम नगर, पो.बाबेन, ता.बारडोली, जि.सुरत गुजरात ३९४६०१ .... विरुध्द पक्ष

और

द न्यु. इंडिया एंशुरनस कंपनी लिमिटेड, ८७, एम.जी.रोड,फोर्ट, मुंबई - ४०० ००१ .... विरुध्द पक्ष

जिस तरह श्री.विकम@विक्रम निसाद लालमन निसाद, अगरबाजार, फिश मार्केट, एस.के.भोले रोड, सिध्दीविनायक मंदिर, गाळा नं.१७, दादर, मुंबई - ४०००२८ इस आवेदक ने श्री. लक्ष्मणभाई महारु पवार शिवम नगर, पो.बाबेन, ता.बारडोली, जि.सुरत गुजरात ३९४६०१ सामनेवाला क्र.१ इनके यहा काम करते समय दि.०९.१०.२०२१ को दुर्घटनासे गंभीर रुप से घायल हो गये इसलिए रु. १८,८९,२८०/- इतनी रक्कम सामनेवालोने न्यायालय मे जमा की है। जमा की गई नुकसान भरपाई की रक्कम पान के लिए उपर दिये गये आवदेदकोने इस न्यायालय मे अर्जी दाखल की है सामनेवाला क्र.१ इनका पुरा पत्ता ना होने के कारन नोटीस जारी नही किया जा सका.

इस तरह से श्री. लक्ष्मणभाई महारु पवार शिवम नगर, पो.बाबेन, ता.बारडोली, जि.सुरत, गुजरात ३९४६०१ सामनेवाला क्र.१ इनको सुचित किया जाता है की, वो खुद या आपनी तरफ से अपने वकिल को जरुरी कागजात के साथ न्यायालय में दि. १४/०९/२०२३ को उपस्थित रहें.

अगर उपर दिये तारिख को सामनेवाल हजर नही हुए तो न्यायालय अपनी तरफ से फेसला सुना देंगे यह सामनेवाला याद रखे.

सदरची नोटीस मे.कोर्टाच्या आदेशाने व कोर्टाच्या शिक्क्याने दिली आहे.

कोर्टाच्या शिक्का

हुकुमावरुन,
सचिव
कामगार न्यायालय, मुंबई